# સામાજિક મૂલ્યોનો ઈજારો માત્ર ઉચ્ચ ગણાતા લોકો પાસે જ નથી.

આપણે સૌ સામાજિક પ્રાણી કહેવાઈએ છીએ, પણ હકીકતમાં આપણે સામાજિક છીએ ? કેટલાક લોકો સમાજ થકી જીવે ચે તો કેટલાક સમાજ માટે જીવે છે. છતાં એક બાબત હકીકત છે કે, વ્યક્તિનો વિકાસ ક્યારેય સમાજના સહકાર વગર શક્ય જ નથી. માટે જ સૌ સમાજમાં રહીને જ જીવવાનું પસંદ કરે છે. દરેક સમાજની જીવન શૈલી અલગ હોઈ શકે, દરેક સમાજના નીતિ નિયમો અલગ હોઈ શકે, દરેક સમાજના મૂલ્યો પણ અલગ હોઈ શકે અને આ દરેક બાબતનું પાલ કરવું જે તે સમાજના સભ્યની ફરજ બની જાય છે. સામાજિક મૂલ્યોનું પાલન કરવાની જ ફરજ નથી, પણ સાથે તે મૂલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની પણ દરેક સભ્યની ફરજ છે. માટે તો સમાજ ટકી રહ્યાં છે. હા... ક્યારેક સમાજમાં કેટલાક દૂષણો પ્રવેશ કરતાં હોય છે, તો એ દૂષણોને દૂર કરવાની ફરજ પણ જે તે સભ્યની બની રહે છે. તો ક્યારેક સમયમાં પરિવર્તન આવતાં સમાજના કેટલાક નીતિ નિયમોમાં પણ બદલાવ લાવવો પડે છે. આમછતાં એટલું નક્કી છે કે, નીતિ નિયમો બદલાય છે, પણ સામાજિક મુલ્યો તો ટકી રહે ચે. કારણ કે તે અનુભવના નિચોડ રૂપે અને સત્યના પાયા પર ઊભા હોય છે.

સામાજિક મૂલ્યોની વાત આવે ત્યારે ઘણાં ઘણાં લોકો કહેતાં હોય છે કે, અમુક પછાત ગણાતી જ્ઞાતિમાં મૂલ્યો ઓછા હોય છે કે નથી હોતા. મૂલ્યો તો જાણે ઉચ્ચ ગણાતી જ્ઞાતિમાં જ ઘબરાયેલા હોય છે. આ હકીકત આજે પણ કેટલાક માને છે. માટે તો ઘણીવાર રસ્તા પર કે સોસાયટીમાં કે ગામડાંમાં સાણભળવા મળે છે કે, અમુક લોકો તો આવું (નકારાત્મક) કરે એમાં નવાઈ પામવાનું ના હોય અને અમુક વ્યક્તિ કોઈ ખરાબ કામ કરે તો કહે કે, અલ્યા ભાઈ. તું આ જ્ઞાતિનો થઈને આવું કરે છે ? વગેરે. કહેવાનો અર્થ એ કે જ્ઞાતિવાદ ભૂંસાતો જાય છે, પણ લોકોના મનમાં ઘર કરી ગયેલા ખોટા વિચારો આજે પણ બદલાતા નથી. એવું જ ભણેલા અને અભણ માણસ માટે પણ કહેવાય છે. અભણ માણસ કંઈ પણ નકારાત્મક કામ કરે તો એમ કહેવાય છે કે એતો ભણેલો નથી, તેની પાસે શું અપેક્ષા રાખવી ? જ્યારે કોઈ ભણેલો માણસ નકારાત્મક કામ કરશે તો લોકો કહેશે કે, અલ્યા ભાઈ, તમે ભણેલા થઈને આવું કરો છો ? આ બાબત પણ સાચી નથી. ક્યારેક અભણ માણસ પણ ભણેલાને ઘણું શીખવી જાય છે, તો પછાત ગણાતી જ્ઞાતિ ઈચ્ચ જ્ઞાતિને પણ ઘણું શીખવી જાય છે. આવી જ ઘટના સોમવાર રાત્રે થઈ. જેમાંથી સામાજિક મૂલ્યોમાં માનનારા અને પોતાની જાતને ઉચ્ચ જ્ઞાતિના કે ભણેલા સૌએ શીખવાનું છે.

વાત એમ બની કે, ઉચ્ચ ગણાતી જ્ઞાતિના એક ભણેલા ગણેલા કુટુંબમાં સાસુ-વહુને લઈને ઝઘડાઓ થતા હતાં. જેમાં સાસુ થોડા અસ્થિર મગજના હતા. તેનાથી કંટાળીને સાસુ સસરા પોતાના છોકરા વહુથી છૂટા પડીને વતનમાં રહેવા ગયા. નક્કી એવું થયું કે, છોકરાએ દર મહિને બે હજાર રૂપિયા આપવા. છોકરાએ વચન પાડ્યું નહીં. ગરીબ મા-બાપે નોકરી શોધીને ફરી શહેરમાં રહેવા આવ્યા. છોકરા સાથે જ રહેવા આવ્યા. બીજા-ત્રીજા દિવસથી ઝગડા શરૂ થઈ ગયા. પાંચ દિવસ પછી છોકરીના પપ્પા-ફોઈ અને છોકરાના પિત્રાઈઓ સમાધાન કરવા રાત્રે નવ-દસ વાગે એકઠા થયા. સમાધાનની વાત શરૂ થઈ. કોઈ મુદ્દો યોગ્ય રીતે મુકાય કે ચર્ચાય, તે પૂર્વે શાંત ગનાતા છોકરાએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું. સમાધાન માટે આવેલ પ્રતિષ્ઠિત માણસોનું અપમાન કર્યું. સમાધાન માટે આવેલ માણસો માંડ દસ મિનિટ બેઠા હશે અને થયેલા અપમાનને કારને સમાધાન પડતું મૂકીને નિકળી ગયા. સાથે એમ વિચાર્યું કે, જો છોકરાના

માબાપ અને છોકરીના સગાં રાત્રે અહીં જ ભેગાં રહેશે તો અડધી રાત્રે ઝગડશે. જે સમાધાન કરવા આવેલા પિત્રાઇ ભાઇ છોકરાના મમ્મી-પપ્પાને પોતાના ઘેર લઇ જવાનું કહ્યું.
છોકરાએ કે વહુએ તેના માબાપને એમ ન કહ્યું કે, તમે આટલી મોડી રાતે ના જશો. આ તમારું જ ઘર છે. બીજી બાજુ છોકરાના સસરા અને ફોઇ ત્યાં જ રોકાયા હતા. માબાપ ફ્લેટમાંથી નીચે ઊતર્યા. રસ્તા પર બધા આવ્યાં. હજુ એકબીજાની દલીલો ચાલતી હતી. રાત્રે ૧૧ વાગે રસ્તા પર નાનું ટોળું પણ એકત્ર થઇ ગયું હતું. ઉચ્ચ ગણાતા ઘરના લોકો રાત્રે ૧૧ વાગે રસ્તા પર જગડી રહ્યાં હતાં. ત્યાં જ રબારી જ્ઞાતિના એક બહેન આવ્યાં. તેમણે વાતનો સાર પકડી લીધો અને તૂટી પડયા પેલી છોકરીના માબાપને. તેમના વાક્યો અહીં રજૂ કરું છું. જે ભણેલા કે ઉચ્ચ ગણાતા સૌ લોકો એ સાંભળ્યાં. રબાઈ જ્ઞાતિની બહેનના શબ્દો આવા હતાં. "ઝગડા તો સાસુ-વહુ વચ્ચે થતાં જ હોય, પરંતુ દીકરીના બાપે દીકરીનું ઉપરાણું ન લેવાય. તેને સમજાવવાની હોય. ઘરડાં સાસુ-સસરાની સેવા કરવાની હોય. ..... તમે તો છોકરીના બાપ છો. છોકરીનું ઘર ભગાવવા આવ્યા છો કે કરાવવા આવ્યા છો ? ડાહ્યાં અને કમાતા સાસુસસરાને તો સૌ કોઇ રાખે, પણ અસીલ માબાપને રાખે એ વહુ સારી કહેવાય.  સાસુ ગાંડી હતી એ તને પહેલેથી તો ખબર હતી જ ને ? સાસુ ગાંડી હોય તો એના છોકરા ગાંડા જ હોય, તો પછી લગન શું કરવા કર્યા ? અને જો લગન કર્યા જ છે તો સાસુસસરાને નિભાઇને તારી ખાનદાની બતાય. આવું અડધી રાતે શાહુકાર રોડ પર ઝગડા કરે એ સારું ના કહેવાય, આવું કરે તે ખાનદાન ના કહેવાય ..... વગેરે." અંતે સમાધાન વગર સૌ છૂટા પડયા., પણ જે બાબત સમાધાનકારીઓ કહેવા આવ્યા હતા તે બાબત તેઓ છોકરાના વર્તનને કારણે ન કહીં શક્યા. પરંતુ રસ્તા પરથી પસાર થતા અને કોઇ જ પરિચિતતા ન હોવા છતા, પેલા રબારી અભણ બહેને કહી બતાવ્યું. આ બહેને જે સામાજિકતા દાખવી તે સલામને પાત્ર છે. આવા લોકો થકી જ સામાજિક મૂલ્યો ટકી રહ્યાં છે. નહીં તો ભણેલા ગણેલા એમ જ કહે કે, ના ફાવતું હોય તો છૂટાછેડા લઇ લે.
રબારી બહેનના આ શબ્દો સાંભળ્યા પછી લાગ્યું કે, વધારે શાહુકાર કોણ ? સામાજિક મૂલ્યોના ખરા વારસદાર કોણ ?આમ સામાજિક મૂલ્યોનો ખજાનો ઉચ્ચ જ્ઞાતિ પાસે કે ભણેલા પાસે જ છે, તેવા ભ્રમમાંથી બહાર આવી જવાની જરૂર છે. આવી ઘટના બન્યા પછી પણ એમ માનવાને કોઇ કારણ નથી કે, પેલો છોકરો અને વહુ તેનામાબાપને ઘરમાં પાછા બોલાવશે. કારણ કેઓ પોતાની જાતને સુધરેલા માને છે અને માટે જ તેઓ સાચા જ છે તેમ પણ માને છે.